# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2024** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************

1. રાજ્યના ખેડૂતો માટે 1 હજાર 419 કરોડનું કૃષિ રાહત સહાય પેકેજ જાહેર– ઓક્ટોબર માસ દરમિયાન થયેલા નુકસાન સામે પણ મળશે વળતર
2. કેન્દ્ર સરકારે સરદાર પટેલની 150મી જન્મજયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાની જાહેરાત કરી
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં નાગરિકો સમક્ષ વિચાર રજૂ કરશે.
4. ભારત અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે રમાનારી ત્રણ દિવસીય વન ડે શ્રેણીનો આજથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રારંભ
5. રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી

*****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# FARMAR'S RAHAT PAKEGE

રાજ્ય સરકારે ઓગસ્ટ 2024માં થયેલ ભારે વરસાદને કારણે ખેડૂતોની નુકસાનની ભરપાઇ માટે ૧ હજાર ૪૧૯ કરોડથી વધુનું કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરતાં જણાવ્યું કે  અસરગ્રસ્ત ખેડૂતોને SDRFના નિયમો પ્રમાણે તેમજ નુકશાનની તીવ્રતાને ધ્યાને લઇ રાજ્ય ભંડોળમાંથી વધારાના ૩૨૨ કરોડ ૩૩ લાખ રૂપિયાની ટોપ-અપ સહાય પણ અપાશે.

SDRFના નિયમો પ્રમાણે ૩૩ ટકાથી વધુ નુકશાન હોય તેવા આશરે ૭ લાખથી વધુ ખેડૂતોને મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય મળશે. ઉલ્લેખનીય છે કે ભારે વરસાદના પરિણામે ૩૩ ટકા થી વધુ નુકસાન પામેલ કુલ ૮ લાખ ૮૩ હજાર હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. જ્યારે  રાજ્યના ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોનો વિસ્તાર ભારે વરસાદથી પ્રભાવિત થયો હતો.

# FARMER PKG

રાજ્ય સરકારે ખેડૂતો માટે પાક નુકસાની સામે 1 હજાર કરોડ રૂપિયાથી વધુની સહાય જાહેર કરી છે. દરમિયાન કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે ઑક્ટોબર માસમાં થયેલા કમોસમી વરસાદથી પાક નુકસાની પામેલ વિસ્તારોના ખેડૂતોને પણ સરકાર સહાય કરશે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ અન્ય ધારાસભ્યો દ્વારા ખેડૂતોને ઑક્ટોબર માસમાં થયેલા કમોસમી વરસાદથી પાક નુકસાની સામે સહાય ચૂકવવાની રજૂઆતો મળી છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, સુરત, વાપી તેમજ મધ્ય અને ઉત્તર ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, આણંદ, અમદાવાદ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી, બોટાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, ગીર સોમનાથ, દેવભૂમિદ્વારકા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં ખેડૂતોને નુકસાન થયું છે. આ જિલ્લાઓમાં મુખ્ય અસરગ્રસ્ત પાકો મગફળી, ડાંગર, કપાસ, સોયાબિન, કઠોળ તેમજ શાકભાજી છે. કૃષિમંત્રીએ જણાવ્યું કે આવા કિસ્સાઓમાં નિયમ અનુસાર કાર્યવાહી હાથ ધરાઈ છે.

# GUJ URJA TEAM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના ઊર્જા વિભાગની ચાર વીજવિતરણ કંપનીઓમાં નવી નિમણૂંક પામેલા 394 જુનિયર ઇજનેરોને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે યુવા ઇજનેરોની કાર્યકુશળતાથી ઊર્જા ક્ષેત્ર વધુ દીપી ઉઠશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ નવનિયુક્ત યુવા ઇજનેરોને સંબોધતા જણાવ્યું કે આવી ટીમની કાર્યકુશળ ઊર્જા અને જનસેવા પ્રતિબદ્ધતાથી જ ગુજરાત ઊર્જાવાન બન્યું છે. વધુમાં તેમણે વાવાઝોડા, વરસાદ, પૂર જેવી કપરી સ્થિતિમાં વીજ પુરવઠાની કામગીરી કરવા બદલ ઊર્જા ટીમને અભિનંદન પાઠવ્યા.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે PGVCLની નવનિર્મિત આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, રાજકોટ ખાતે GETCOના વાજડી ટ્રેનિંગ સેન્ટર,SLDCના નવા રિન્યુએબલ એનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ તેમજ GETCOના ૭ નવા સબ-સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું. મુખ્યમંત્રી એ E-CGRF પોર્ટલ, GUVNLની "ઊર્જા સંવાદ" મેગેઝિન તેમજ બુકલેટનું પણ લોન્ચિંગ કર્યું હતું.

# GOVT-PATEL BIRTH ANNIVERSARY

સરકારે આ વર્ષથી બે વર્ષ માટે સરદાર પટેલની 150મી જન્મજયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાની જાહેરાત કરી છે. સરદાર પટેલે દેશ માટે આપેલા પ્રદાનનું સન્માન કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, આ ઉજવણી સરદાર પટેલની નોંધપાત્ર સિધ્ધિઓ અને એકતાની ભાવનાનું પ્રતીક છે. સરદાર પટેલનાં પ્રદાન પર ભાર મૂકતા શ્રી શાહે જણાવ્યું કે, વિશ્વની સૌથી મજબૂત લોકશાહીની સ્થાપના પાછળનાં સ્વપ્નદ્રષ્ટા તરીકેનો તેમનો કાયમી વારસો અને કાશ્મીરથી લક્ષદ્વીપ સુધી ભારતને એક કરવામાં તેમની મુખ્ય ભૂમિકા અવિસ્મરણીય છે

# d. N. Modi (Manpa Commissioner)

રાજ્યમાં વધતા જતા વાહન અકસ્માતોમાં ગંભીર ઈજા અને મૃત્યુના બનાવોને રોકવા માટે ટ્રાફિક નિયમોનું કડક અમલીકરણ શરૂ કરી દેવાયું છે. રાજય સરકાર દ્વારા દ્વિચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટ પહેરવાના કાયદાની કડક અમલવારી પગલે જામનગર મહાનગરપાલિકાના કમિશનર દ્વારા ગઇકાલે હેલ્મેટ અંગેની આ એક ખાસ ઝુંબેશ હાથ ધરાઇ હતી. જેના અનુસંધાને જામનગર મહાનગરપાલિકા કચેરીના બન્ને મુખ્ય પ્રવેશ દ્વારના દરવાજે સવારથી જ સિક્યોરીટી સ્ટાફને તૈનાત કરી દેવામાં આવ્યો હતો અને હેલ્મેટ પહેર્યા વગરના તમામ વાહન ચાલક કર્મચારીઓને અટકાવવામાં આવ્યા હતાં. આથી અમુક કર્મચારી પોતાના વાહનો બહાર પાર્ક કરીને પગપાળા જ કચેરીમાં પહોંચ્યા હતાં. તો અમુક કર્મચારી હેલ્મેટ પહેરવા માટે પરત ફર્યા હતાં અને હેલ્મેટ સાથે આવ્યા હતાં.

બાઈટ : ડી. એન. મોદી ( મનપા કમિશનર )

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે.

ઉપરાંત MyGov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે. કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# Hetal Patel (DCP, Special Branch, Surat City Police)

દિવાળીના વેકેશનની શરૂઆત થવા જઈ રહી છે, તે પહેલાં સુરતીઓને આનંદપ્રમોદ માટેના સારા સમાચાર મળ્યા છે. રાજકોટ અગ્નિકાંડ ઘટના બાદ સુરત શહેરના તમામ ગેમઝોન અને એમ્યુઝમેન્ટ પાર્ક તપાસ બાદ બંધ કરી દેવામાં આવ્યા હતા.

જોકે ચાર મહિના બાદ દિવાળીના પર્વને ધ્યાનમાં રાખી સરકારની એસોપીના આધારે 11 જેટલા ગેમઝોનને મંજૂરી આપવામાં આવી છે. સુરત પોલીસ ખાતામાં 17 જેટલા ગેમઝોન અને એમ્યુઝમેન્ટ પાર્ક સંચાલકો દ્વારા અરજી કરાઈ હતી. જેમાંથી 11ને મંજૂરી આપવામાં આવી છે. આ મામલે સુરતના ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે, સેફ્ટી કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ વિભાગના અધિકારીઓ સામેલ હતા.

બાઈટ : હેતલ પટેલ (ડીસીપી, સ્પેશિયલ બ્રાન્ચ, સુરત શહેર પોલીસ)

# BARODA PM PROGRAMME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 27 અને 28 ઑક્ટોબરના રોજ વડોદરાની મુલાકાતે છે. આ દરમિયાન તેઓ અહીં વિવિધ યોજનાઓ અને પ્રકલ્પોનું ખાતમૂર્હુત અને લોકાર્પણ કરશે. તેમની આ મુલાકાત સંદર્ભે કેન્દ્રીય મંત્રી સી. આર. પાટિલ અને પ્રભારી મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન પ્રભારી મંત્રીએ એરપોર્ટ, ટાટા એરબસ કાર્યક્રમ સ્થળ, સી 295 ફાઇનલ એસેમ્બલી લાઇન સેન્ટરની મુલાકાત તેમજ કાર્યક્રમના સ્થળે ચાલી રહેલી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. બેઠકમાં રાજ્યમંત્રી મુકેશ પટેલ તેમજ મેયર પિન્કી સોની સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# GOVERNMENT HOLIDAY

રાજ્ય સરકારે દિવાળીની રજાઓ જાહેર કરી છે, ત્યારે દિવાળીના બીજા દિવસે પડતર દિવસે રજા જાહેર કરી છે. આ દિવસની રજાને બદલે એના પછીના બીજા શનિવારને ૭ નવેમ્બરે તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે.

આ પડતર દિવસની રજાને લીધે દિવાળી, પડતર દિવસ, બેસતું વર્ષ તથા ભાઇબીજની એમ સળંગ ચાર રજા સરકાર દ્વારા જાહેર કરવામાં આવતાં સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

# Dysp Kushal Ojha Ankleshwar

અંકલેશ્વરની મામલતદાર કચેરી ખાતે ડીવાયએસપી ડૉ. કુશલ ઓઝાની અધ્યક્ષતા હેઠળ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં નવ જેટલી પેન્ડિંગ પડેલી અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. અંકલેશ્વરના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહિત તલાટીઓ અને અરજદારો હાજર રહ્યા હતા.

વીઓ: -બાઈટ- ડો.કુશલ ઓઝા -ડીવાયએસપી - અંકલેશ્વર

# women's cricket,

મહિલા ક્રિકેટમાં, ભારત અને ન્યુજીલેન્ડ વચ્ચે રમાનારી ત્રણ વન ડે શ્રેણીનો પ્રથમ મુકાબલો આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી ખાતે યોજાશે. મેચ બપોરે ૧.30 વાગ્યે શરૂ થશે. હરમનપ્રીત કૌરના વડપણ હેઠળ ભારતીય ટીમ આ મુકાબલામાં ઉતરશે. સ્મૃતિ મંધાના, રાધા યાદવ, રેણુકા સિંઘ સાહિતના ખેલાડીઓ ટીમને જીત અપાવા માટે  મેદાનમાં ઉતરશે. તો બીજી તરફ મહિલા ટી ૨૦ વિશ્વ કપ વિજેતા સોફી ડેવિડના વડપણ હેઠળની ન્યુજીલેન્ડની ટીમ ફરી એકવાર જીત સુનિશ્ચિત કરવા માટે મેચમાં ઉતરશે.

ઉલ્લેખનીય છે કે આગામી વર્ષે શરૂ થનાર ICC મહિલા વિશ્વ કપના અનુસંધાનમાં આ ત્રિદિવસીય મેચની શ્રેણી રમાવા જઈ રહી છે.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજ્યભરના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાન ૩ ડિગ્રી સુધી વધવાની શક્યતા વ્યક્ત કરાઇ છે. જ્યારે લઘુત્તમ તાપમાન યથાવત રહેશે.

હવામાન વિભાગના વડા એ.કે.દાસે જણાવ્યું  છે કે ગુજરાત રાજ્યને અસર કરે તેવી કોઇ સિસ્ટમ સક્રિય નથી. પરંતુ બંગાળની ખાડીમાં સક્રિય થયેલું દાના વાવાઝોડું ઓડિશા અને પશ્ચિમ બંગાળના તટીય વિસ્તારો ઉપરથી પસાર થશે જેની ખાસ અસર ગુજરાત પર વર્તાવાની શક્યતા નહીંવત છે.